જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૦૨/૧૨/૨૦૧૮  રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૨૩૪૧/૧૮**

**અમદાવાદ શહેરના નારણપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી નાસ્તા ફરતા વાહન ચોરીના આરોપીને ઝડપી પાડતી નારણપુરા પોલીસ**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ સાહેબ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "બી" ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સંબંધી ગુના શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ તેમજ નાસ્તા ફરતા આરોપીઓને પકડી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ જે અનુસંધાને નારણપુરા પો.સ્ટે. ના પો.ઇન્સ. શ્રી જે.આર.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના અ.હે.કો. પ્રદિપસિંહ શિવસિંહ તથા અ.હે.કો. નરેન્દ્રસિંહ બચુભા તથા પો.કોન્સ. ભરતસિંહ હિમ્મતસિંહ તથા પો.કો. ક્રિપાલસિંહ સજ્જનસિંહ તથા પો.કો. કેશરીસિંહ ચંદુભાઈ તથા પો.કો. વાલસિંહ જીતેંદ્રસિંહ તથા પો.કો. સરદારસિંહ ભરતસિંહ તથા પો.કો. જયંતીભાઇ વિરમભાઇ તથા અ.લોકરક્ષક દિલીપજી પ્રધાનજી વિગેરે નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ખાનગી બાતમીના આધારે સોલા હાઇકોર્ટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૪૭/૧૮ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના કામે નાસતો ફરતો આરોપી જગદીશ ઉર્ફે જાગુ સ/ઓ મોહનભાઇ મકવાણા ઉવ.૧૮ રહે- મ.નં.૧૭ ઉધ્ધવનગર મહાલક્ષ્મી પાન પાર્લરની સામેની ગલીમા સૌરાબજી કમ્પાઉંડ જુના વાડજ અમદાવાદ શહેર નાને સંઘવી ચાર રસ્તા ખાતે જાહેર રોડ ઉપરથી પકડી પાડી આજરોજ તા.૦૧/૧૨/૧૮ ના કલાક ૧૭/૪૫ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(આઇ) મુજબ અટક કરવામા આવેલ છે. જે અંગે આગળની વધુ તપાસ સોલા હાઇકોર્ટ પો.સ્ટે. તરફ મોકલી આપવામા તજવીજ કરવામા આવેલ છે.

## ઓટો રીક્ષા ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પો.સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર આર.જી.જાડેજા સાહેબ નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનામાં સંડોવાયેલ આરોપીની તપાસ કરી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ સર્વેલન્સ પો.સ.ઈ.એ.ડી.ભટ્ટ તથા હે.કો રામસિંહ લક્ષ્મણસિંહ બનં-૭૭૩૩ તથા પો.કો ચંન્દ્રસિંહ લાખુભા બનં-૫૮૮૯ તથા પો.કો લાલજીભાઈ રાયસંગજી બનં-૮૭૮૩ તથા પો.કો શૈલેષકુમાર ગાંડાભાઈ બનં-૬૯૪૮ તથા પો.કો અલ્પેશકુમાર હેમુભાઈ બનં-૯૯૪૯ તથા લો.ર ધીરૂભાઈ જીવણભાઈ બનં-૧૧૬૬૨ એ રીતેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક. ૦૦/૧૫ વાગે ઓઢવ ગુરૂદ્વારા પાસે ચાર રસ્તા ખાતે આવતા સાથેના <u>પો.કો ચંન્દ્રસિંહ લાખુભા તથા પો.કો અલ્પેશકુમાર હેમુભાઈ નાઓએ આપેલ સંયુક્ત બાતમી હકીકત આધારે</u> "એક ઓટો રીક્ષા નં- **GJ-01-CY-9296** નો ચાલક નામે પાર્થ @ ગટી સ.ઓ બીપીનભાઈ રમણલાલ જાતે બારોટ ઉ.વ.૨૨ રહેવાસી-મનં-૧૨૮ જનતાનગર નીકોલ રોડ મનમોહનની પાસે ઓઢવ અમદાવાદ શહેર નાઓના કબ્જાની ઓટો રીક્ષા કિ.રૂ.૩૦,૦૦૦/- ગણી સદરી ઈસમની પાસે ઓટોરીક્ષા બાબતેના આધાર પુરાવા કે ગાડીના કાગળો માંગતા સદરી ઈસમને પોતાની પાસે નહી હોવાનું જણાવેલ જેથી સદરી આરોપીના કબ્જાની ઓટોરીક્ષા સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી સદરી આરોપીને સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબ તા.૦૧/૧૨/૧૮ ના કલાક ૦૧/૦૫ વાગે અટક કરી <u>માધુપુરા પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૮૫/૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯</u> મુજબનો ગુનો શોધી સારી કામગીરી કરેલ છે.

## <u>પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "અજીત બબાજી સોલંકી ઉવ.૪૮ રહેવાસી-મોહમદ કસાઈની ચાલી સીએમસી સામે ઓઢવ અમદાવાદ શહેર" નાનો "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતો હોય સદરી ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે અજીત બબાજી સોલંકી નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/1144/18 તા.30/11/2018 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એ.ડી.ભટ્ટ તથા અ.હેડ.કોન્સ દિલીપસિંહ કીશોરસિંહ બ.નં-૭૫૮૯ તથા અ.પો.કોન્સ પંકજભાઇ નારાયણભાઇ બ.નં-૧૦૧૯૦ તથા અ.લોકરક્ષક જયેશભાઈ પાલાભાઈ બનં-૧૩૮૦ તથા અ.લો રાજુભાઇ રાહાભાઇ બ.નં-૧૦૫૮ તથા અ.લોકરક્ષક યશપાલસિંહ લાખુભા બનં-૫૪૧ તથા અ.લો જયપાલસિંહ રણજીતસિંહ બ.નં-૧૨૩૦૨ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ ફાયર બ્રીગેડ ત્રણ રસ્તા પાસેથી અ.લોકરક્ષક જયેશભાઈ પાલાભાઈ નાઓની સચોટ બાતમી હકિકત આધારે સદરી ઈસમને પકડી લઇ તા.૩૦/૧૧/૨૦૧૮ ના રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી ભુજ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.તા.૩૦.૧૧.૨૦૧૮.

## પેટ્રોલીંગ દરમયાન લુંટના બે મોબાઇલ ફોન તથા ચોરી કરેલ મોટરસાયકલ સાથે

## રીઢા આરોપીને પકડી પાડતી રાણીપ પોલીસ

મે શ્રી પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેકટર ૧ અમદાવાદ શહેર તથા મે.ના.પો.કમિ.સા.શ્રી ઝોનં ૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી "એલ" ડીવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ અધિકારી શ્રીઓની જરુરી સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર જે.જી.પટેલ રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સંબધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારુ જરુરી સુચના કરેલ હોય જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડ ના એ.એસ.આઇ ભુપતસિંહ ચંદનસિંહ બનં ૮૪૬૩ તથા સાથે બીજા સર્વેલન્સ સ્કોડ ના પોલીસ સ્ટાફના માણસો સાથે રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીગ દરમયાન સાથેના હે.કો બીપીનકુમાર હરગોવિંદદાસ બનં ૮૦૦૮ તથા અ.હે.કો કલ્યાણસિંહ શિવસિંહ બનં ૯૧૩૮ નાઓની સંયુક્ત ખાનગી બાતમી હકિકત આધારે "ચિમનભાઇ પટેલ બ્રીજના નિચે સેન્ટ્રલ જેલ રોડ કેશવનગર મુકામેથી આરોપી ભાસ્કર સ/ઓ પ્રકાશચંન્દ્ર જાતે વ્યાસ ઉવ.૨૪ રહે.મકાન નંબર ૧૦૫ હરિઓમ નગર વિભાગ ૦૧ ડી કેબીન સાબરમતી અમદાવાદ શહેર નાઓ પાસે થી એક મો.સા લાલ તથા કાળા કલર નુ હિરો હોન્ડા પેશન પર્લ્સ મોટર સાયકલ આર.ટી.ઓ નંબર જોતા GJ 01 LH 2035 તથા ચે.નં MBLHA 10 EG 9 HJ 01924 એ.નં HA 10 EB 9 HJ 04926 ચાવી સાથેનુ કિ.રુ ૩૫૦૦૦/-ગણી શકાય તે તથા અંગ જડતી માંથી મળી આવેલ મોબાઇલ ફોન જેમા એક કાળા કલરનો સેમસંગ કંપનીનો જેનો મોડૅલ નંબર A 605 G I.M.E.I નંબર 356553094068838 તથા 356554094068836 જે મો.ફોનની કિ.રુ ૧૨૦૦૦/-ગણી શકાય તે તથા બીજો એક મોબાઇલ ફોન સફેદ તથા સીલ્વર કલર નો M..I કંપનીનો જેનો મોડૅલ નંબર WU 03645 I.M.E.I નંબર જોતા 864450036309724 જે મો.ફોનની કિ.રુ ૮૦૦૦/-ગણી શકાય તે ઉપરોક્ત બન્ને મોબાઇલ ફોન તથા મો.સા જે તમામ ની કિ.રુપિયા ૧૦૦૦૦/-ગણી પંચનામા વિગતે તપાસ અર્થે કબજે કરેલ છે જે બાબતે નિચે મુજબ ના ગુનોઓ દાખલ થયેલ હોય જે ગુનાના કામે આરોપીને મુદામાલ સાથે પકડી અટક કરી ને કાયદેસર ની કાર્યવાહી કરીને ગુનાઓ ડિટેક કરી સારી કામગીરી કરેલે છે તારીખ ૦૧/૧૨/૨૦૧૮

(૧) <u>વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં ૨૮૧/૧૮</u> ધી ઇપીકો કલમ ૩૯૨ મુજબ

(૨) <u>વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં ૨૮૨/૧૮</u> ધી ઇપીકો કલમ ૩૯૨ મુજબ

(3) <u>ચાંદખેડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં ૩૦૨/૧૮</u> ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.